**BRAMPTON** **Media Release**

ત્વરિત જાહેરાત માટે

# જ્યોર્જ હિચકોક મેમોરિયલ એન્ડોમેન્ટ ફંડ માટે અરજીઓ સ્વીકારવી હવે ચાલુ છે

## *અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવામાં રસ ધરાવતા બ્રૅમ્પટનના રહેવાસીઓને અરજી કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (01 માર્ચ 2023) – અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવામાં શું તમે રસ ધરાવો છો? બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસનું જ્યોર્જ હિચકોક મેમોરિયલ એન્ડોમેન્ટ ફંડ હવે અરજીઓ સ્વીકારી રહ્યા છે.

ફંડની સ્થાપના દિવંગત ડિવિઝન ચીફ જ્યોર્જ હિચકોકના સન્માનમાં કરવામાં આવી હતી જેમણે અનેક લોકોને અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવામાં રસ ધરાવતા હોય તેમને માટે પોસ્ટ-સેકન્ડરી ટ્યુશન ફી માટે $1,000નું શિક્ષણ અનુદાન ઉપલબ્ધ છે. તે જરૂરી છે કે અરજદારો અગ્નિશમન સંબંધિત ઓન્ટારિયો પોસ્ટ-સેકન્ડરી સ્કૂલ ડિપ્લોમાનો અભ્યાસ કરતા હોય.

**પ્રક્રિયા**

ઑનલાઈન www.bramptonfire.com પર અરજી પત્રક ઉપલબ્ધ છે અને તેને firelife@brampton.caપર રજૂ કરવાનું રહેશે. અરજી કરવાનો સમયગાળો 14 એપ્રિલ 2023ના રોજ અથવા 30 અરજીઓ મળે ત્યારે બંધ થશે.

પસંદગીનાં ઉમેદવારોનો ઈન્ટરવ્યુ લેવાશે, અને એક અરજદારને શિક્ષણ અનુદાન માટે પસંદ કરાશે જેનું મૂલ્ય $1,000 છે જેની ચૂકવણી સીધી કોર્સની ભરતી માટે કરાશે. સફળ થયેલા અરજદારે ઓન્ટારિયો પોસ્ટ-સેકન્ડરી સ્કૂલ પ્રોગ્રામનો પ્રૂફ ઓફ એક્સેપ્ટન્સ (સ્વીકૃતિનો પુરાવો) પૂરો પાડવાનો રહેશે.

**ક્વોટ:**

"દર વર્ષે સિટી ઓફ બ્રૅમ્પટન અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનું સમર્થન કરે છે. આપણું એક સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે અને આપણી બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસની ટીમ સર્વશ્રેષ્ઠ છે. કોઈપણ વ્યક્તિ જેઓ પોતાની કારકિર્દી આગળ ધપાવવા ઉત્સુક હોય તેમને હું જ્યોર્જ હિચકૉક શિક્ષણ અનુદાન માટે અરજી કરીને દરરોજ આપણા સમાજના રક્ષણ માટે કાર્ય કરતા વ્યક્તિઓના જબરદસ્ત જૂથમાં જોડાવાનું પ્રથમ પગલું ભરવા પ્રોત્સાહિત કરું છું.

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રૅમ્પટન*

"આપણા સમુદાયમાં અનેક સમર્પિત અને લાયક વ્યક્તિઓ છે. આ એક એવી રીત છે જેની મદદથી અમે અદ્ભૂત પ્રથમ હરોળના પ્રતિભાવકર્તાઓની નેટવર્ક બનાવી રહ્યા છીએ જેથી તમામ લોકો માટે સ્વસ્થ અને સલામત સમુદાય નિર્માણ કરી શકાય. જ્યારે તમે તમારી કારકિર્દીની શરૂઆત કરતા હોવ ત્યારે આવા દ્વાર ખુલતા હોય છે અને અંતરાયો જમીનદોસ્ત થતા હોય છે. પોતાના ભવિષ્યનું આયોજન કરો છો ત્યારે મહેરબાની કરીને અહીં અરજી કરવા વિચારશો.

*- ચિફ બિલ બોય્ઝ, પ્રમુખ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ, સીટી ઑફ બ્રૅમ્પટન*

"વિલક્ષણ એવી બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસની ટીમ સમાજની સેવાના અવસર સાથોસાથ રજૂ કરે છે શિક્ષણ અને વિકાસની તકો. જ્યોર્જ હિચકોક મેમોરિયલ એન્ડોમેન્ટ ફંડ અગ્નિશમન સેવા માટે મહત્વાકાંક્ષી આગેવાનો માટેનો વાર્ષિક પ્રોગ્રામ છે. આ એન્ડોમેન્ટ ફંડથી, એવા લોકો જેઓને કોઇ ઉદ્દેશ્યપૂર્ણ કાર્ય કરવાની ધગશ હોય તેમને માટે સિટી ઓફ બ્રૅપટન ટેકો પૂરો પાડે છે.

*- માર્લન કલિડીન, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઑફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca